ક્રમાંક:રાપબો/NMMS/૨૦૧૯/૪૨૩૮-૪૩૫૪
રાજય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર -૨૧, ગાંધીનગર
તા.30/07/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
તમામ

વિષય: NSP (National Scholarship Portal) પર કામગીરી બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) દ્વારા શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી લાભાર્થી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં સરળતાથી અને ઝડપી કરી શકાય તે હેતુથી ભારત સરકાર દ્વારા "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ વેબપોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. રાજ્યના NMMS યોજનાના વર્ષ-2019-20 ના લાભાર્થી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત નિયત સમયમર્યાદામાં "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર કરવાની થાય છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ચાલુ વર્ષે પણ જિલ્લા કક્ષાએ આ કામગીરી માટે નોડલ ઓફીસર અને તાલુકા કક્ષાએ આ કામગીરીના સંકલનની જવાબદારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ/ શાસનાધિકારીશ્રીઓ સોંપવામાં આવી છે. આ ઉપરાંત સી.આર.સી. કો-ઓર્ડીનેટર દ્વારા તેઓના ક્લસ્ટરની શાળાઓના વિદ્યાર્થીઓનો સંપર્ક કરી તે વિદ્યાર્થીઓની એપ્લીકેશન NSP (National Scholarship Portal) માટેની વેબસાઇટ http://www.scholarships.gov.in પર ઓનલાઇન એપ્લીકેશન કરવાની અને ઓનલાઇન એપ્લીકેશનની પ્રકીયા બાદ વિદ્યાર્થીની શાળાનો સંપર્ક કરી એપ્લીકેશન વેરીફીકેશન પ્રકીયા કરવાની કામગીરી સોંપવામાં આવી છે.

આ વિદ્યાર્થીઓ હાલ જિલ્લાની અલગ અલગ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરી રહ્યા છે. આથી આ શાળાઓને તાલુકાવાર વિભાજીત કરવા માટે તથા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ દ્વારા પોતાની શાળાનું NSP પોર્ટલ પર રજીસ્ટ્રેશનની કામગીરી પુર્ણ કરવાની રહેશે. આ બાબતની આપના દ્વારા તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને લેખિતમાં જાણ કરવાની રહેશે. આ કામગીરી માટે આવશ્યક સહકાર મળી રહે તે માટે આપની કચેરીમાંથી વર્ગ-૨ ના અધિકારીશ્રીની આ કામગીરી માટે નિમણુક કરવાની રહેશે. આ કર્મચારીએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા આ કામગીરી માટે નિયુક્ત થયેલ નોડલ ઓફીસર સાથે મળીને કામગીરી કરવાની રહેશે.

ક્રમાંક /
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર
તારીખ . . -૨૦૦

નકલ રવાના જાણ તથા અમલ સારુ.

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ, મા. અને ઉ.મા. શાળાઓ
તમામ.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

Scanned by CamScanner